# બ્રાહ્મણના વચને બંધાઇ માં બહુચરાજી સિહોરના અગિયાળી ગામે બેઠા છે...!



## નવરાત્રીમાં નાના બહુચરાજી-અગિયાળી ધામે હજારો ભાવિકોનો મેળો ભરાઇ છે, દર્શનાર્થી ઉમટે છે, માતાજી જયોતથી જયોત સ્વરૂપે આવ્યા છે

ભાવનગર, શુક્રવાર

નવરાત્રીના તહેવારો ચાલી રહયા છે, માં આદ્યશકિતના પાવન પર્વ અને માંની શ્રધ્ધા અને ભકિતના આ પર્વમાં અનેક મંદિરો, માતાના મઢો પર દર્શનાર્થીઓ આ નવ દિવસ દરમ્યાન ઉમટી રહયા છે ત્યારે ભાવનગર શહેરથી નજીકના સિહોર પાસેના અગિયાળી ગામના બહુચરાજી મંદિરની એક પ્રસિધ્ધ અને શ્રધ્ધાળુઓમાં રહેલી તેની ભાવના પ્રત્યેની ભકિતમાં વધારો થાય તેવી એક ઘટના પ્રસંગ બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટના સેવક સમુદાય દ્વારા આસપાસ સમક્ષ રજુ કરવામાં આવ્યો ત્યારે એમ કહી શકાય કે, રૂવાડા ઉભા થઇ જાય તેવો દિવ્ય પ્રસંગ નજર સામે ઉભરી આવ્યો.

બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટ અગિયાળીના સેવક સમુદાયના જણાવ્યા મુજબ સિહોર પાસેના અગિયાળી ગામે આવેલ બહુચરાજી માતાના આ ધામે માતાજી એક બ્રાહ્મણના વચને બંધાઇને બેઠા છે. સંખલપુરથી માં જયોતથી જયોત સ્વરૂપે અહી આવ્યા છે, અહી હજારો ભકતો માં દર્શનાર્થે પધારે છે અને ખાસ કરીને નવરાત્રીમાં ભાવિકોની સંખ્યા સવિશેષ જોવા મળે છે. નવરાત્રીમાં આઠમની રાત્રે માતાનો સ્વાંગ કરવામાં આવે છે તેમાં લોકોને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ નિસ્વાર્થ ભાવે કરવામાં આવે છે. વિના મૂલ્યે આપવામાં આવતી આ સેવાનો હજારો લોકો લાભ લે છે. અહી આઠમની રાત્રે મેળો ભરાય છે અને માંની વિવિધ વાનગીઓનો અન્નકુટ ધરવામાં આવે છે. અને ત્યાર બાદ મહા પ્રસાદનું આયોજન થાય છે. દર રવિવારે સવારે ૯ થી રાત્રી ૯ વાગ્યા સુધી લોકોને મુંઝવતા પ્રશ્નોનું અહી નિરાકરણ થાય છે, બપોરે પ્રસાદની વ્યવસ્થા પણ અહી રાખવામાં આવે છે. ભાવનગર શહેર જિલ્લા ઉપરાંત બાજુના અમરેલી, બોટાદ, જાફરાબાદ, રાજકોટ, પોરબંદર, જામનગર, જુનાગઢ સહિતના પંથકોમાંથી પણ અહી લોકો આવે છે અને માંના દર્શન કરી માનતા પુરી કરે છે. ધન્યતા અનુભવે છે. એમ કહેવાય છે કે, આ મંદિરની ૧૨ વખત પ્રદિક્ષણા કરવાથી મનની તમામ ઇચ્છાઓ પુર્ણ થાય છે. અહી નવે-નવ દિવસ નવરાત્રીમાં રાત્રીના નાટકો પણ ભજવવામાં આવે છે. જેને માણવા આજુબાજુના ગામના લોકો ઉપસ્થિત રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્રમાં જે બે નવરાત્રીનું મહત્વ છે તેમાં એક ચૈત્ર મહિનામાં આવે છે અને બીજી આશો મહિનામાં આવે છે. અહી બહુચરાજી ધામે આશો મહિનાની નવરાત્રીમાં થાંભલી રોપણ થાય છે અને માંનો મંડપ નખાય છે. દર્શનાર્થીઓની સિહોર પાસેના અગિયાળી ગામે આ બહુચરાજી મંદિરે દર્શન કરવા પધારવા અને ધર્મ લાભ લેવા બહુચરાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરાયો છે.

### ભારતીય સંસ્કૃતિ અને વૈદ પરંપરા મુજબ વર્ષમાં ચાર નવરાત્રી આવે છે, જેમાં આપણા સૌરાષ્ટ્રમાં બે નવરાત્રીનું મહત્વ વધુ છે

### લોકોમાં એવી માન્યતા છે કે, અગિયાળી બહુચરાજી મંદિરની ૧૨ વખત પ્રદિક્ષણા કરવાથી તમામ ઇચ્છાઓ પુર્ણ થાય છે

## સિંધી સમાજના અમર શહિદ સંત કવરરામજીનો વરસી મહોત્સવ ઉજવાશે



ભાવનગર, શુક્રવાર

શહેરના રસાલા કેમ્પ વિસ્તારમાં આવેલ સંત કવરરામ હોલ ખાતે સંત કવરરામ સેવા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સાંઇ સતરામદાસ સાહેબનો ૧૯મો અને સંત કવરરામ સાહેબનો પરમો વર્ષી મહોત્સવ તા.૧૨,૧૩,૧૪ ઓકટોબર એટલે કે, શુક્ર,શનિ,રવિવારના રોજ ધામધુમથી ઉજવવામાં આવશે. કાર્યક્રમના અનુસંધાને સંત કવરરામ સેવા મંડળ દ્વારા સમસ્ત સિંધી સમાજની ઉપસ્થિતીમાં વિભીન્ન ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. વર્ષી મહોત્સવમાં કતની શહેરના પ્રખર ગાયક ગોરધન દિલીપ ઓદાસી બાલક મંડળી, સંત વાસુરામ બાલક મંડળીના ગીતો અને કલમો સહિતના ભજનોના મ્યુઝીક કાર્યક્રમોનું આયોજન કરાયેલ છે. સાથે સાથે ગુરૂબાણી કલાકાર ભગત તુલસીદાસના ગુરૂબાણીનું પણ આયોજન કરેલ છે. તા.૧૪/૧૦ને સવારે ૧૧ કલાકે શ્રી ગુરૂ ગ્રંથ સાહેબના ભોગનું આયોજન કરાયેલ છે. તા.૧૩/૧૦ના રોજ રાત્રે ૧૦ થી ૧૨ સુધી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરેલ છે. ત્રણ દિવસના આ ધાર્મિક કાર્યક્રમમાં સમસ્ત સિંધી સમાજના ધર્મ પ્રેમી ભાઇઓ-બહેનોએ પધારવા સંસ્થા દ્વારા જાહેર નિમંત્રણ પાઠવાયું છે.

## જાહેરાત માટેના બોર્ડ, બેનર અને કમાનો મુકવા મંજુરી લેવી

ભાવનગર, શુક્રવાર

ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ નવરાત્રિ આયોજન કર્તા આયોજકોને જણાવવામાં આવે છે કે નવરાત્રિ દરમ્યાન શહેર વિસ્તારમાં સર્કલો તથા જાહેરાત સ્થળો પર નાના બોર્ડ, બેનર, તથા કમાનો મૂકી વિવિધ જાહેરાત કરવામાં આવી હોય છે. જે અંગે ભાવનગર મહાનગરપાલિકાની પ્રથમ મંજુરી લઈ લા.ફી અને જા.ફી ભરપાઈ કરવા આથી તમામ નવરાત્રિ આયોજકોને ફરમાવવામાં આવે છે.

સંબંધકર્તા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાંનો ભંગ કરનાર સામે જી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવી મહાનગર પાલિકાની યાદીએ જણાવેલ છે.

ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ નવરાત્રિ આયોજન કર્તા આયોજકોને જણાવવામાં આવે છે.

## કારખાના ધારા- હેઠળના લાયસન્સ રીન્યુઅલ અરજી કરવા અનુરોધ

ભાવનગર, શુક્રવાર

આસીસ્ટન્ટ ડાયરેક્ટર, ઈન્ડ્સ્ટીરયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી, રૂમ નં.ટી-૮/બી, જિલ્લા સેવા સદન-૨ પેલેસ રોડ-ભાવનગરની યાદી જણાવે છે કે સને ૨૦૧૯ના વર્ષની કારખાના ધારા-૧૯૪૮ હેઠળના લાયસન્સ રીન્યુઅલ અરજીઓ કચેરી ખાતે આગામી તા.૩૧-૧૦ સુધીમાં પહોંચતી કરવાની રહેશે. તા.૩૧-૧૦ રોજ જાહેર રજા હોવા છતા કારખાનેદારોની સગવડતા ખાતર કચેરી ખુલ્લી રાખવામાં આવસે.

તમામ કારખાનેદારે કારખાનાનાં નકસા મંજુર થયાના નંબર તથા તારીખ અચુક લાયસન્સ રીન્યુઅરજીમાં લખવાના રહેશે તથા હાજીરીપત્રક, લાઈટબીલની નકલ તથા સ્ટેબીલીટી સર્ટીફીકેટની નકલ અરજી સાથે બીડવાની રહેશે. જેનો અમલ નહી થયેલી લાયસન્સ રીન્યુઅલની કામગીરીમાં વિલંબ થશે. તા.૩૧-૧૦ પછી રીન્યુઅલ અરજી સાથે નિયત કરેલ ફીના ૨૫ ટકા વધુ રકમ (પેનલ્ટી) ભરીને તેનું અસલ ચલણ રજુ કરવુ જરૂરી રહેશે.

આ બાબતે સુધારેલા નિયમોનુસાર નિયત કરેલ ફીની રકમમાં સરકાર દ્વારા તા.૯-૧૦થી વદારો કરવામાં આવેલ હોઈ તે મુજબ ફી ભરવી તેમજ વધુમાં વધુ ૧૦ (દસ) વર્ષ માટે લાયસન્સ રીન્યુઅલ અરજી કરી શકાય છે. જેની નોંધ લેવા વાય.એમ.પટેલ આસીસ્ટન્ટ ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એ ડ હેલ્થ, ભાવનગર દ્વારા જણાવવામાં આવે છે. આ ઉપરાંત લાયન્સ તાજુ કરાવવા નમુનો ૩ તથા ચલણ આસીસ્ટન્ટ ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી, ભાવનગર ખાતે થી મેળવી લેવા અથવા તો ઓનલાઈન ઈ-પેમેન્ટની સવડનો પણ ઉપયોગ કરી શકાશે અને આઈએફપી પોર્ટલ પર ઓનલાઈન રીન્યુઅલ કરી શકાય. જેની નોંધ તમામે લેવા વિનંતી.

## સુરત શહેર પોલીસ ક્રાઈમ બ્રાંચમાં મહિલા પીઆઈની નિમણૂંક કરાઈ

(જી.એન.એસ)સુરત,શુક્રવાર

સુરત શહેર પોલીસે ક્રાઇમ બ્રાંચમાં મહિલા પોલીસ ઈન્સપેકટરની નિમણૂક કરીને ઈતિહાસ રચી દીધો છે. સુરત શહેર પોલીસનાં ઈતિહાસમાં પહેલીવાર આવી ઘટના બની છે. અડાજણ પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા પીઆઈની ક્રાઇમ બ્રાંચમાં નિમણૂક કરવામાં આવી છે.

મળતી માહિતી મૂજબ અડાજણ પોલીસ મથકમાં ફરજ બજાવતા એ.કે.ચૌહાણની ક્રાઇમ બ્રાંચમાં નિમણૂક કરવામાં આવી છે, જ્યારે તેમના સાથે પીઆઈ એ.એસ.પટેલની નિમણૂક કરવામાં આવી છે.

ક્રાઇમ બ્રાંચમાં મહિલા પીઆઈની નિમણૂક થતા મહિલાઓ સંબંધિત કેસોનો ઉકેલ લાવવામાં સફળતા મળશે. કેટલાક કેસોમાં મહિલાની સંડોવણી હોય ત્યારે મહિલા અધિકારીની હાજરી જરૂરી થઈ પડે છે.

## ફેકટરીઓમાં ૮૦% સ્થાનિકોને રોજગારી નહીં મળે તો આંદોલન કરીશ : રાજેન્દ્રસિંહ ચાવડા

(જી.એન.એસ)હિંમતનગર,શુક્રવાર

સાબરકાંઠા જિલ્લાના ઢુંઢર ગામમાં બનેલી એક ચક્ચારી દુષ્કર્મની ઘટના બાદ પરપ્રાંતિઓ ઉપર હુમલા થવાની ઘટનાઓ વધી ગઇ હતી. પરપ્રાંતિઓ ઉપર હુમલાઓની ઘટનાઓ બાદ રાજકીય નેતાઓ આમને સામને આવી ગયા છે. વિપક્ષનેતાઓ આ મુદ્દે ગુજરાત સરકારને ઘેરવાનો પ્રયત્ન કરી રહ્યા છે તો બીજી તરફ સરકાર પોતાનો પક્ષ મુકી રહી છે. આવી સ્થિતિમાં હિંમતનગરના ભાજના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાનો વીડિયો સામે આવ્યો છે. ભાજપના નેતા જ ભાજપ સરકારનો વિરોધ કરતા હોય એવું લાગી રહ્યું છે. સ્થાનિક લોકોએ રોજગાર નહીં અપાય અને જો બહારના લોકોને રોજગાર અપાશે તો હું વિરોધ કરીશ એવું વીડિયોમાં દેખાઇ રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, નસ્ત્રઆ માનવીય સંવેદનાની વાત છે. આ સંવેદનાના આધારે સમગ્ર ટીમ અહીં બેઠી છે. અને બીજી વાત યુવાનોની એ હતી કે ફેકટરીઓમાં પરપ્રાંતિઓને લોકો છે. પરંતુ સરકારે હમણાં જ વિજયભાઈએ જાહેર કર્યું કે જે કોઇપણ ફેકટરીઓમાં ૮૦ ટકા સ્થાનિક લોકો હોવા જોઇએ અને હું તત્કાલ ફેકટરીઓનો સર્વે કરાવીશ અને જો ૮૦ ટકા સ્થાનિકોને રોજગારી નહીં મળે તો હું જાહેરમાં ૫૦ ગામના લોકો અહીં હાજર છે ત્યારે કહું છું કે, હું લો એન ઓર્ડરની સાથે આંદોલન કરવું પડશે તો હું કરીશ. સમગ્ર ટીમને સાથે રાખીને બેસીશ. પરંતુ એવી રીતે સ્થાનિકોને રોજગારી નહીં મળે તો અમે નહીં ચલાવી લઇએ.

## અવસાનનોંધ

### રાજપૂત મરણ

અજયભાઈ ભીખાભાઈ ગોહિલ (ઉં.વ.૫૩)ને તા.૧૧-૧૦ને ગુરૂવાર રોજ શ્રી રામચરણ પામેલ છે. તેઓ સ્વ.ભીખાભાઈ બેચરભાઈ ગોહિલના પુત્ર, જયમલભાઈ ભીખાભાઈ ગોહિલ, સ્વ.સુરેશભાઈ ભીખાભાઈ ગોહિલ, સ્વ.રણજીતભાઈ ભીખાભઆઈ ગોહિલ, ચંદુબેન માધુભાઈ રાઠોડ, લિલાબેન જેમલભાઈ રાઠોડના નાનાભાઈ, ભંડારીયા નિવાસી જેસંગભાઈ દેસળભાઈ ગોહિલના મોટાભાઈના દિકરા, રામસંગભાઈ જેસંગભાઈ, પ્રવિણભાઈ જેસંગભાઈ, રમેશભાઈ જેસંગભઆઈના મોટાભાઈ, સાગર, અન્દદ્રજીતના પિતાજી, ભાવેશભાઈ, રાકેશભાઈ, વિક્કીભાઈ, રાજેશભાઈ, મેહુલભાઈ, તુષારભાઈ, આશિષભાઈ, અમીતભાઈના કાકા, રિટાબેન બહાદુરસિંહ વાઘેલા, માયાબેન વિજયભાઈ ડોડીયા, ટીનુબેન દિપકસિંહ જાડેજાના કાકા, ભદ્રેશભાઈ જેમલભાઈ રાઠોડ, મહેશભાઈ જેમલભાઈ રાઠોડ, હર્ષાબેન અનિલકુમાર ચૌહાણ, કપીલાબેન ગિરીશભાઈ જાદવ, સ્વ.કિશોરભાઈ માધુભાઈ રાઠોડના મામા, દેવજીભાઈ પરમાર, પરશોતમભાઈ પરમારના ભાણે થાય. તેમનું બેસણું તા.૧૩-૧૦ને શનિવારે સાંજે ૪ થી ૬ રજપૂત સમાજ વાડી (નવાપરા) વિભાગ-૧ (નીચે) રાખેલ છે.


## જાહેર નોટીસ

અરજદારના વકીલ **શ્રી યુ.બી.ગોહિલ**

**ઘોઘાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

પરચુ.ફોજ.અરજી નં.૧૧૩/૨૦૧૮

મુદ્દત તારીખ : ૦૩/૧૧/૨૦૧૮

**ફાફાભાઇ કાંતિભાઇ સોલંકી**
રહે.મુ.પડવા, તા.ઘોઘા, જિ.ભાવનગર
.......અરજદાર

વિરૂદધ
જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, (તલાટી ક્રમ મંત્રી શ્રી),
ગ્રામ પંચાયત કચેરી, પડવા, મું.પડવા, તા.ઘોઘા,જી.ભાવનગર .......સામાવાળા

બાબત : બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ની કલમ ૧૩(૩) (બી)અન્વયે મરણ નોંધ બાબત..

આથી લાગતા વળગતાઓને તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધિથી જણાવવામાં આવે છે કે, ઉપર લખ્યા અરજદારે **તેમના માતૃશ્રી રતનબેન કાંતિભાઇ સોલંકી નું અવાસન તા.૧૦/૦૫/૨૦૦૫** ના રોજ પડવા, તા.ઘોઘા મુકામે થયેલ છે. તેમના અવસાનની નોંધણી કરાવવાનું રહી ગયેલ હોય, તેમ જાહેર કરી તેની અવસાનની તારીખની નોંધ કરવા સારુ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી ફોજ. પરચુ. અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સંબંધે જેકોઈ વ્યક્તિ, સંસ્થા, બોર્ડકે અન્ય કોઈને કોઈપણ પ્રકારની હરકત, વાંધો કે તકરાર હોય તો તેવા લેખીત વાંધા, આધાર, પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનિધિ મારફતે **તા.૦૩/૧૧/૨૦૧૮**ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પોતાના આધાર પુરાવા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. તેમ કરવામાં નિષ્ફળ જશો તો કોઈને કશુ કહેવું નથી તેમ માની કોર્ટ આગળની ન્યાયીક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ **તારીખ : ૦૮/૧૦/૨૦૧૮** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| એસ.એ.સુમરા | કોર્ટનો સિક્કો | કે.આર. ગોહિલ | ટી.એ.કુરેશી |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર |
| જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા | | જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા | જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા |

## જાહેર નોટીસ

અરજદારના વકીલ **શ્રી યુ.બી.ગોહિલ**

**ઘોઘાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

પરચુ.ફોજ.અરજી નં.૧૧૨/૨૦૧૮

મુદ્દત તારીખ : ૩૦/૧૦/૨૦૧૮

**સુજાનસિંહ મંગળસિંહ ગોહિલ**
રહે.મુ.સિહોર, તા.સિહોર, જિ.ભાવનગર
.......અરજદાર

વિરૂદધ
જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, (તલાટી ક્રમ મંત્રી શ્રી),
ગ્રામ પંચાયત કચેરી, બાડી(રાજપરા), મું.બાડી (રાજપરા), તા.ઘોઘા,જી.ભાવનગર.......સામાવાળા

બાબત : બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એક્ટ ૧૯૬૯ની કલમ ૧૩(૩) (બી)અન્વયે મરણ નોંધ બાબત..

આથી લાગતા વળગતાઓને તેમજ જાહેર જનતાને આ નોટીસ પ્રસિધ્ધિથી જણાવવામાં આવે છે કે, ઉપર લખ્યા અરજદારે **તેમના પિતાશ્રી મંગળસિંહ જીવુભા ગોહિલનું અવાસન તા.૧૮/૦૭/૨૦૦૬** ના રોજ બાડી (રાજપરા), તા.ઘોઘા મુકામે થયેલ છે. તેમના અવસાનની નોંધણી કરાવવાનું રહી ગયેલ હોય, તેમ જાહેર કરી તેની અવસાનની તારીખની નોંધ કરવા સારુ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી ફોજ. પરચુ. અરજી દાખલ કરેલ છે. આથી અરજદારની અરજી સંબંધે જેકોઈ વ્યક્તિ, સંસ્થા, બોર્ડકે અન્ય કોઈને કોઈપણ પ્રકારની હરકત, વાંધો કેતકરાર હોય તો તેવા લેખીત વાંધા, આધાર, પુરાવા સાથે જાતે અગર અધિકૃત પ્રતિનિધિ મારફતે **તા.૩૦/૧૦/૨૦૧૮**ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે પોતાના આધાર પુરાવા સાથે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. તેમ કરવામાં નિષ્ફળ જશો તો કોઈને કશુ કહેવું નથી તેમ માની કોર્ટ આગળની ન્યાયીક કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ **તારીખ : ૦૮/૧૦/૨૦૧૮** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| એસ.એ.સુમરા | કોર્ટનો સિક્કો | કે.આર. ગોહિલ | ટી.એ.કુરેશી |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર |
| જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા | | જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા | જે.એમ.એફ.સી. કોર્ટ, ઘોઘા |


## ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના ભાવનગરના હોદ્દેદારો નિમાયા



ભાવનગર, શુક્રવાર

ભાવનગર, તા.૨૯-૯-૨૦૧૮નાં રોજ ડોક્ટર હોલ, મહિલા કોલેજ સર્કલ ખાતે ઈન્ડિયન મેડીકલ એસોસિએશનનાં ડોક્ટરોની જનરલ બોડી મિટીંગ મળી જેમાં હોદ્દેદારોની નિમણૂંક તથા વરણી કરવામાં આવેલ છે. તેમાં સર્વ સહમતીથી પ્રેસીડેન્ટ તરીકે ડો.કૈરવી જોષીની નિમણુંક કરવામાં આવેલ.વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ડો.કોકિલાબેન પટેલ, સેક્રેટરી-ડો.ચિન્મય શાહ અને ડો.સુગ્રેશ પરમાર, કલ્ચરલ સેક્રેટરી-ડો.મૌલિક પરીખ, ટ્રેઝરર ડો.દેવાંગ પવાર, ઈ.સી.મેમ્બર ડો.માયા જોષી, ડો.મેઘા કાનાણી, ડો.નિધિ વસાણી, ડો.શિલા અંધારિયા, ડો. સ્વાતિ મેહતા, ડો.જતીન સરવૈયા, ડો.નિહાર પૂરી, ડો.એન.પીએ, કુહાડીયા, ડો. પ્રગ્નેશ શાહ, ડો.વિપુલ સરવૈયા અને ડો.વિશ્નુગીરી ગૌસ્વમીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. સાથો સાથ આ વર્ષે આઈએમએ વુમન ડોક્ટર વિંગ તથા આઈએમએ સ્ટૂડન્ટ વિંગની વરણી પણ કરવામાં આવી. આ વરણીમાં આઈએમએ નેશનલ વુમન ડોક્ટર વિંગનાં ચેરપર્સન ડો.મોનાબેનદેસાઈ તથા ડો.પરિમલભાઈ દેસાઈ, ડો.એમ.આર.કાનાણી (ફોર્મર આઈએમએ નેશનલ વાઈસ પ્રેસીડેન્ટ), ડો.કેતન પટેલ (વાઈસ પ્રેસિડેન્ટ, જીએસબી, આઈએમએ), સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડો.કૈરવી જોષી દ્વારા આ વર્ષને પ્રોફેશનલ અને સોસીયલ રિસ્પોન્સીબીલીટી તરીકે ઉજવવા ઈન્ડિયન મેડીકલ એસોસિએશનનાં સભ્યોને હાકલ કરવામાં આવી હતી.

## બોટાદ ગામે ચેક પરત કેસમાં આરોપીને બે વર્ષની કેદ સજા

ભાવનગર, શુક્રવાર

બોટાદ શહેરમાં રહેતા ઘનસ્યામભાઈ રાયસંગભાઈ ગોહિલએ એવી ફરિયાદ જે તે વખતે બોટાદ પોલીસ સ્ટેશનમાં નોંધઆવી હતી કે, ફરિયાદી અને આરોપી આબીદભાઈ એ સીદાતર (માલીક મે. કોહીનુર ઓટો એજન્સી, અવેડા ગેટ, બોટાદ) વચ્ચે ધંધાકીય સબંધ હોઈ તેમજ આરોપી આબીદભાઈને નાણાંની જરૂરિયાત હોઈ ફરિયાદીએ ગત તા.૨૨-૮-૨૦૦૩ના રોજ રૂ.૨,૯૭,૬૦૦ આપ્યા હતા.

જે રકમના બદલામાં આરોપીએ પોતાના બોટાદ મર્કેન્ટાઈલ કો.ઓ.બેન્કનો ચેક ફરિયાદીને આપ્યો હતો અને તે ચેક બેન્કખાતામાં રજૂ કરવાથી પૈસા મળી જસે તેવી પાકી ખાતરી આપી હતી. જે ચેકને ફરિયાદીએ તેના ભાવનગર ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેન્ક એકાઉન્ટમાં જમા-રજૂ કરતાં આરોપીને તેનું એકાઉન્ટ સ્ટોપ પેમેન્ટ કરવી દીધું હોવાથી ચેક રિટર્ન થયો હતો.

જેથી ફરિયાદીએ તેમના વકીલ કે.એન.જાદવ મારફતે ગત તા.૪-૧૦-૨૦૦૩ના રજિસ્ટર્ડ એ.ડી.થી પોસ્ટ મારફતે ઈન્સ્ટુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ મુજબની નોટિસ આપી હતી. જેને આરોપીએ નહિ સ્વીકારતાં રીક્યુઝના શેરા સાથે તા.૭-૧૦-૨૦૦૩ના રોજ પરત ફરી હતી. આરોપીએ નોટિસ નહિ સ્વીકારી અને નાણાની ફરિયાદીને ચુકવણી કરી નથી કે જવાબ પણ આપ્યો ન હતો જે અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જે અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતાં જજ આર.એસ.સિંગલએ ફરિયાદીના વકીલની દલીલો, દસ્તાવેજી આધાર પુરાવા, સાક્ષીઓ વગેરેને ધ્યાને લઈ આરોપી આબીદ એ.સીદાતરને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫/૨ હેઠળ ધી નેગોશીયેબલ ઈન્સ. એક્ટની કલમ ૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭/૩ મુજબ આરોપીએ વળતર પેટે ફરિયાદીને રૂ.૫,૯૫,૦૦૦ની રકમ ચુકવવાનો અદાલતે હુકમ કર્યો હતો.

## કાલે પ્રજ્ઞાચક્ષુ - મંદબુદ્ધિના બાળકોના ઓરકેસ્ટ્રાના સથવારે ગરબા લેશે

ભાવનગર, શુક્રવાર

નવરાત્રિ પ્રકાશ, ઉત્સવ, ભક્તિ, નૃત્યનો વિશ્વનો સૌથી મોટો નૃત્યમહોત્સવ આમ તો અમારા બાળકોની હર ક્ષણ ઉત્સવ જ છે. ને માતાજી તેની નજીક જ છે. બસ, આપણે ક્યાંક માં થી દુર થયાં છીએ. નવરાત્રિ એ માતાજીનો નૈવદ્યમાં રહી આદ્યશક્તિની આરાધનાનો પ્રસંગ છે. માં ને ગમતુ કરીએ તો માં રાજી રહે. આવા એક કાર્યક્રમનું આયોજન એટલે અંકુર શાળા પરિવાર દ્વારા દિવ્યાંગોના વિશિષ્ટ ગરબા મહોત્સવનું આયોજન. જેમાં બાળકો પણ આદ્યશક્તિને રાજી કરવા માટે એક દિવસ નવરાત્રિનો આનંદ કરવાનાં છે, એ પણ સૌની વચ્ચે આવીને, સામાન્ય માણસની ભાષામાં, નૃત્યની અભિવ્યક્તિ કરવાનાં છે. જેમાં અંધશાળાનાં દષ્ટિહિન બાળકો ઓરકેસ્ટ્રા સંભાળશે અને મંદબુધ્ધિ અને સેરેબલ પાલ્સી બાળકો ગરબા રમશે. આ એક વિશિષ્ટ સંયોગ છે. કે વિશિષ્ટ બાળકો વિશિષ્ટ રીતે ૧ દિવસીય નવરાત્રિ રમવાનાં છે. આવતીકાલે તા.૧૩-૧૦-૨૦૧૮ને શનિવારે સાંજે ૫ થી ૮ દરમ્યાન ભાવનગરના દિપક હોલ ગ્રાઉન્ડ સંસ્કાર મંડળ ખાતે તેનું વિશેષ આયોજન છે. જેમાં તેમના ઉછળતા મન અને જમીનને ન આંબતા પગ લોકોની પ્રતિક્ષામાં છે, તેમની આંખો પ્રતિભાવની રાહમાં છે. આ પ્રસંગે સાંસદ ડો.ભારતીબહેન, યુનિર્વિસટીના કાર્યકારી કુલપતિ ડો.ગિરીશભાઈ, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સુનિલભાઈ વડોદરિયા, મોઢ વણિક યુવક મંડળના પ્રમુખ જતીનભાઈ મણિયાર, શહેર ભાજપ પ્રમુખ સનતભાઈ મોદી, ડીવાય.એસ.પી. મનિષભાઈ ઠાકર અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.